**પ્રેસ પ્રકાશન**

**संचार वभिाग**, केन्द्रीय कार्यालय, एस,बी.एस. मार्ग,
मुंबई-400001
સંચાર વભિાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ.માર્ગ,
મુંબઈ -400001
फोन/ફોન: 022- 22610835
फेक्स/ફેક્સ : 91 22 22660358

**भारतीय रज़िर्व बैंक**
**ભારતીય રિઝર્વ બેન્ક**
वेबसाईट: www.rbi.org.in/hindi
વેબસાઇટ: www.rbi.org.in
ઈમેઇલ: helpdoc@rbi.org.in

માર્ચ 07, 2018

**ભારતીય રિઝર્વ બેન્કે સ્ટેટ  બેન્ક ઓફ ઈન્ડીયા પર નાણાંકીય દંડ લાદયો છે**

ભારતીય રઝિર્વ બેંકે (આરબીઆઈ) માર્ચ 01, 2018 ના રોજ "બનાવટી નોટોની તપાસ અને જપ્તી" પર આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલા દશિાનર્દિેશોના બનિ અનુપાલન માટે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા (બેન્ક) પર ₹ 4 મલિયિનનો નાણાંકીય દંડ લાદયો છે. બેન્કગિ રેગ્યુલેશન અધનિયિમ, 1949 ની કલમ 46 (4) (i) સાથે કલમ 47A (1) (સી) ની જોગવાઈઓ હેઠળ આરબીઆઈ ને પ્રદત્ત સત્તાનો ઉપયોગ કરીને, આરબીઆઈ દ્વારા આ દંડ લાદવામાં આવ્યો છે.

આ પગલું નયિમનકારી પાલનની ખામીઓ પર આધારતિ છે અને તેનો  હેતુ તેના ગ્રાહકો સાથે બેન્ક દ્વારા થતા કોઈપણ વ્યવહાર અથવા કરારની માન્યતા પર ઉચ્ચાર કરવાનો નથી.

**પૃષ્ઠભૂમિ**

અન્ય બાબતોની સાથે સાથે બેંકની બે શાખાઓની કરન્સી ચેસ્ટના નરીક્ષણમાં "બનાવટી નોટોની તપાસ અને જપ્તી" પર  આરબીઆઇ દ્વારા જારી કરવામાં આવેલી સૂચનાઓનું ઉલ્લંઘન ધ્યાનમાં આવ્યું હતું. નરીક્ષણ રીપોર્ટ અને સંબંધતિ અન્ય દસ્તાવેજોના આધારે, તારીખ 5 જાન્યુઆરી 2018 ના રોજ આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલ સૂચનાઓનું અનુપાલન નહીં કરવા બદલ શા માટે દંડ વસૂલ કરવો જોઈએ નહીં તે કારણ દર્શાવવા માટે બેંકને નોટસિ આપવામાં આવી હતી. બેંકનો  જવાબ, અને વ્યક્તગિત સુનાવણીમાં પ્રસ્તુત થયેલ મૌખકિ નવિદનોને  ધ્યાનમાં લીધા પછી આરબીઆઈ એ  નષ્કિર્ષ પર આવી છે કે આરબીઆઇના દશિાનર્દિેશો / માર્ગદર્શકિાઓ  અંગેના બનિ-પાલનના ઉપરોક્ત આરોપો સદ્ધિ થાય  છે અને નાણાંકીય દંડ લાદવાની જરૂર છે.

**જોસ કટ્ટૂર**
મુખ્ય મહા પ્રબંધક

**પ્રેસ પ્રકાશન: 2017-2018/2385**